# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/308 Dt. 25/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ગુજરાતમાં ઇનબાઉન્ડ ટુરિઝમની તકો અને વૃદ્ધિ અંગે વિશેષ સત્ર

## વૈશ્વિક પ્રવાસીઓને આકર્ષવા માટેની વ્યૂહરચના વિશે નિષ્ણાત ડૉ. મધુ ગોપાલનનું માર્ગદર્શન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નાનપુરા સ્થિત સમૃદ્ધિ ખાતે 'ઇનબાઉન્ડ ટુરિઝમ: તકો, વ્યૂહરચના અને વૃદ્ધિ' વિષય પર એક મહત્વપૂર્ણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ કેવી રીતે વિકસી શકે એ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા અને 'નેવર બિફોર હોલિડેઝ'ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મધુ ગોપાલને કહ્યું કે, ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ માટે ઘણી તકો રહેલી છે. ઘણાં એનઆરજીઓ વિદેશમાં વસે છે, તેમને અને અન્ય વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે સૌ પ્રથમ જરૂર છે એક સારી વેબસાઈટની, તે માહિતીસભર હોવી જોઈએ. તેમણે વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટેની નવીન વ્યૂહરચનાઓ, ડિજિટલ, આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ, મજબૂત ડેસ્ટિનેશન બ્રાન્ડિંગ અને સ્થાનિક સંસ્કૃતિના પ્રચાર પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી, દ્વારકા જેવા ધાર્મિક સ્થળો, એશિયાટિક લાયન સહિત વન્ય જીવન અને અભ્યારણ્યો, કચ્છનું રણ, લાંબો દરિયાકિનારો- પર્યટન માટે જરૂરી તમામ તત્વો

હાજર છે. સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, સલામતી છે, હેરિટેજ સ્થળો છે. તેમણે આ પર્યટન અને પ્રવાસ માટે પિચ કરવાની વ્યૂહરચના અને એક્શન પ્લાન વિશે સમજણ આપી હતી અને યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાન. મધ્ય પૂર્વ જેવા હોટ ઇનબાઉન્ડ ટુરિઝમ માર્કેટ્સ ટાર્ગેટ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે તહેવાર ટુરિઝમ, ઈનબાઉન્ડ સર્કિટ્સ સહિતની પ્રોડક્ટ ડેવલપમેન્ટ સ્ટ્રેટેજી પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી સંજીવ ગાંધીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ સત્રથી ઇનબાઉન્ડ બિઝનેસ કેવી રીતે વધારવો એ સમજવા મળશે. તેમણે વક્તાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરની હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે આ કાર્યક્રમના હેતુ અને પ્રવાસન ઉદ્યોગના વર્તમાન પ્રવાહો વિશે માહિતી આપી હતી. તેમણે ઈનબાઉન્ડ, આઉટબાઉન્ડ અને ડોમેસ્ટિક ટુરિઝમનો તફાવત સમજાવતા કહ્યું કે, વિદેશી નાગરિકો આપણે ત્યાં આવે એ ઇનબાઉન્ડ ટુરિઝમ. શ્રી વિનેશ શાહે આભારવિધિ પણ કરી હતી.

હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના સભ્ય સુશ્રી આશિતા જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેમિનારના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. આ પ્રસંગે હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના કો-ચેરમેન શ્રી આશિષ શાહ, સુરતના ટ્રાવેલ એજન્ટો અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.